# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

આવી છે ચળ હાથમાં સત્તાની 'પદ' રેખાય છે!
'બેદી'ને ય સત્તામાં આશાનું 'કિરણ' દેખાય છે!
જોખાય છે તાટસ્થ્ય અન્નાનું નિષ્પક્ષ રહેવાનું -
કરિયાણા વેપારી, 'મોદી'ને 'ગાંધી' જ કે'વાય છે!!
(અન્ના પણ આજનાં 'ગાંધી'?!)

## હાઇકુ

દેવયાની ને -
મળી નથી વિદાય -
ભાગી આવ્યાં છે..
(લાગવગનું પરિણામ)

સદ્ગૃહસ્થોની
થઇ છે પડાપડી -
'આપ' પાર્ટીમાં..
(સ્વચ્છ ઇમેજની પસંદ)

## ચિંતન

*એતદ્ દેશ પ્રસ્તૂતસ્ય સકાશાદ્ અગ્રજન્મનઃ ।*
*સ્વં સ્વં ચરિત્રં શિક્ષેરન્ પૃથિવ્યાં સર્વ માનવાઃ ॥*

'આ દેશમાં જન્મેલા અને દેશવાસીઓ-વારસદારો એ તેમની આગળ જન્મેલો-પૂર્વજો-વડીલોના ઉત્તમ સંસ્કાર, આચરણના વ્યવહાર, આદર-સત્કાર, શિષ્ટાચાર તેમના આચરણ દ્વારા શીખે અને જીવનમાં અપનાવે તે ખૂબ જ જરૂરી છે.'

ભારતીય આર્ય સમાજ અને તપોવન સંસ્કાર શિસ્ત-સત્ય અને ગુરૂ-આશ્રમની પરંપરામાં જ સાચું શિક્ષણ અને સદાચારના મૂલ્યો વણાયેલાં હતાં. વર્ણાશ્રમ વ્યવસ્થાના સુદૃઢ નિયમો-આપમેળે કાયદા બની અમલમાં હતા.

અંગ્રેજોની નકલ અને શિક્ષણ પદ્ધતિ આવતાં આપણી પ્રાચીન વિદ્યાઓ પગ કરી ગઇ કે નષ્ટપ્રાય થઇ ગઇ. સંસ્કાર અને મૂલ્યો વેરવિખેર થઇ ગયાં. મર્યાદાના બંધન તૂટ્યાં - વડીલો-વિદ્વાનો પ્રત્યેના માનસન્માનનો વિનિપાત થયો.

આજના અંગ્રેજી માધ્યમનો કેન્સર આખા શરીરરૂપી સમાજનાં અંગેઅંગમાં ફેલાઇ ગયો છે હવે કોઇ કિમીયો-થેરાપી એને અસર કરે તેમ દેખાતું નથી.

ફરીથી, આપણા તપોવન-આશ્રમ સંસ્કાર અપનાવવા સિવાય બીજો કોઇ વિકલ્પ રહ્યો નથી.

## સુવિચાર

- મૂર્ખ અને આળસું લોકો તો તારલાઓની જેમ આમતેમ પડ્યા રહે છે. સંપત્તિ અને વિપત્તિના લાભ તથા નુકશાનના પ્રસંગો તો ચંદ્ર જેવી મોટી વ્યક્તિ પર જ આવે છે- *એસ. ભટ્ટાચાર્ય*
- લાખ મિલ જાયેંગે ચહેરે કો સજાને વાલે, ઢુંઢ કર લાઇયે આઇના દિખાને વાલે.. *- વસીમ બરેલવી*
- આજની ભૂલ સમય વીતતાં આવતીકાલે અનુભવ બની જાય છે *- એસ. ભટ્ટાચાર્ય*
- આજની સંસ્કૃતિમાં એક નાનો શો અવગુણ એવો જોવા મળે છે કે એક જ વ્યક્તિમાં ભાગ્યે જ સુખ અને બુદ્ધિ ભેગાં જોવા મળે છે *- સુરેશ દલાલ*
- વિચારવંત માણસની કે કલાકારની કે કવિની નવરાશ ગાભણી હોય છે- *શાહબુદ્દિન રાઠોડ*
- આજના માણસની ઘણીખરી મુસીબતોનું એક કારણ એ પણ છે કે એને પોતાના ઓરડામાં ઠરીને બેસતાં નથી આવડતું *- ગુણવંત શાહ*
- આંખોનાં આંસુ તો લુંછાઇ જાય છે, પણ હૃદયનાં આંસુઓ હંમેશા રહે છે - *જાપાની કહેવત*

*(સંકલન : દીપક વી.આસરા)*

## બોધ કથા

ઇશ્વરે આપણને જે કંઇ આપ્યું છે એનાથી સંતોષ મેળવવાને બદલે બીજાનું જોઇ, 'મારી પાસે આ નથી, તે નથી' નો વિચાર કરી ઇર્ષા અને અસંતોષથી રિબાતા કરી નાહક દુઃખી થઇએ છીએ. સંતોષ અને હકારાત્મક દૃષ્ટિથી જ સુખી થવાય છે.

શેખસાદ એક સરળ અને સાદગીભર્યુ જીવન જીવતા સૂફી સંત અને ચિંતક હતા. 'પરિગ્રહણ' એમનું 'આદર્શ' આચરણ હતું.

એકવાર ભરબપોરે મસ્જિદમાં નમાજ પઢવા જતા હતા પણ રસ્તો ધગધગતો અંગારા જેવો હતો. ક્યાંક છાંયડો ન હતો. તે વખતે એમને મનમાં વિચાર આવ્યો અને ખૂદાને પ્રાર્થના કરી, 'યા ખૂદા! તેં મને પગરખાં આપ્યાં હોય તો હું જલદી જલદી નમાજ પઢવા આવી શકત અને મને પગમાં આ દાહનું દુઃખ પણ ન ભોગવવું પડતે!'


...આમ થોડું આગળ ચાલ્યા ત્યાં જ બે પગ વિનાનો રહીમ-કુલ્લા પર ચામડું બાંધીને ઘસડાતો ઘસડાતો મસ્જીદના પગથિયાં ચઢતો જોયો! આ જોઇને ઉપકારવશ થયેલા શેખ સાદીની આંખમાં ઝળઝળીયા આવ્યા અને તરત ખૂદાને કહેવા લાગ્યાં. 'હે ખૂદા માફ કરજે, પણ તારો મારા પર ખૂબ જ મોટો ઉપકાર છે. તેં મને સાજા-નરવા અને તાકાતવાળા મજબૂત બે પગ તો આપ્યા છે જેથી વિના મુશ્કિલ હું તારી બંદગી માટે દરરોજ મસ્જિદ સુધી ચાલી તો શકું છું.'

Email - sureshchandrabhatt18@gmail.com

# વિચારપ્રેરક અને નવી દૃષ્ટિ પ્રેરિત કર્મશીલ વ્યક્તિના બહુઆયામી વ્યક્તિત્વનું દર્પણ

## શબ્દ સમીપે

- નટવર હેડાઉ




દુનિયાના મહાન પુરૂષો, સંતો, ધર્મધુરંધરો, વૈજ્ઞાનિકો, અમૂલ્ય નરરત્નો, મહદ્અંશે ગામડામાંથી ઉતરી આવ્યા છે. જેમ કે શિવાજી, મહારાજ, ભૂમધ્ય સમુદ્રના નાન ટાપુમાં જન્મેલા મહાન નેપોલિયન, પાટલીપુત્રના પરામાં જન્મેલા મહાન ચંદ્રગુપ્ત, નાસિક જિલ્લાના માલેંગાવ તાલુકાના કરવાણ ગામમાં ઉછરેલ સર સયાજીરાવ ગાયકવાડ ઉચ્ચકક્ષાના રાજવી બની શક્યા. એ જ રીતે ગુજરાતના જયોતિર્ધરોમાં જેનો સમાવેશ કરવો પડે તેવા ઉત્તર ગુજરાતના ઉંટવા ગામે એક મૂઠી ઊંચેરા માનવીએ જન્મ લઇ કર્મચુડામણિની જેને પદવી પ્રાપ્ત થઇ તેવા માણેકલાલ પટેલના શૈક્ષણિક અને વિદ્યોત્તેજન કાર્યની સુવાસને આગળ ફેલાવતા કડી કેમ્પસના ડાયરેકર સરદારભાઇ પટેલે જેમની પુણ્યતિથિએ ગઇકાલે રૂા.૧.૪૦ કરોડની સ્કોલર શિપ માણેલકાલ એમ. પટેલ મેમોરિયલના સહયોગથી અર્પણ કરી પિતાના કાર્યના આગળ વધાર્યું છે. તે માણેકલાલ પટેલની હયાતીમાં પ્રગટ થયેલા એક દળદાળ અભિવાહન ગ્રંથની વાત મારે તમને કરવી છે.

'કર્મચૂડામણિ માણેકલાલ' ગ્રંથમાંથી પસાર થતાં એક બહુ આયામિ વ્યક્તિત્વ ધરાવતા મહામાનવનો આપણને પરિચય થાય છે. ચાર સંપાદકો અને આઠ જેટલા સહસંપાદકો દ્વારા આ ગ્રંથ માટે આધારભૂત કહી શકાય તેવી સામગ્રી, લેખો, તસ્વીરો એકત્ર કરી મુકી છે. તેમાં 'શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ'ના મોહનલાલ પટેલ અને તેમનાં સહયોગી સૌ મિત્રોનું મહત્ત્વપૂર્ણ યોગદાન રહ્યું હોય તેમ લાગ્યા વિના રહેતું નથી. આ ગ્રંથના ૨૨૫ પાનામાં ૫૭ જેટલા મહાનુભાવોના લેખોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

માણસ બોલે છે ત્યારે તેને કોઇ સાંભળતું નથી પણ જયારે એનું કામ બોલે છે ત્યારે સૌ તેની તરફ આકર્ષાય છે. વ્યક્તિનો પરિચય તેના આયોજન પૂર્વકના સત્કાર્યોથી થાય છે. સમાજનો વિકાસ એના એકત્ર એવા વ્યક્તિઓની સુટેવો, સેવાભાવના, સંઘભાવના અને પોતાને અભિપ્રેત એવાં કાર્યોની ઇચ્છામાં રહેલો છે. તન મન અને ધન ખર્ચીને સતત કાર્યરત રહેનારા વિરલાઓથી સમાજ શોભે છે.

આવા કર્મચૂડામણિ માણેકલાલ ને મોહનલાલ પટેલ એક પાવરહાઉસ તરીકે ઓળખાવે છે. તો જાણીતા સાહિત્યકાર રઘુવીર ચૌધરી તેમને સેનાધિપતિ ને બદલે કુલાધિપતિ કહે છે. કુમાળપાળ દેસાઇને ઉત્સાહમૂર્તિની શિક્ષણ નિષ્ઠાના દર્શન થયાં છે. તો પ્રકાશ ન. શાહ તેમને નવા જમાનાના પાટીદાર તરીકે જૂએ છે. અરવિંદ પટેલને તેઓ કેડીને કેડામાં પરિવર્તિત કરનાર માર્ગદર્શક લાગે છે. તો રતિલાલ સો. નાયક તેમને ઉંટવાના ગુર્જર જયોર્તિધરનાં તેજરશ્મિ તરીકે નવાજે છે. યશવંત કડીકર તેમને ઔધોગિક નગરી કડીના શિલ્પી કહે છે તો મનસુખ સલ્લાને તેઓ મહાજન પરંપરાના પ્રતિનિધિ લાગ્યા છે. ડો. કાન્તિ રામીને માણેકલાલ માણસ પારખું લાગ્યાં છે તો ડો. રામુભાઇ પટેલને પ્રચંડ મનોઘટનાશાળી લાગતા માણેકલાલ, હરકાન્ત ત્રિવેદીની દૃષ્ટિએ વ્યવસ્થાપનની પ્રતિભા અને પ્રતિભાનું વ્યવસ્થાપન હોય તેમ લાગે છે. તેમનાં વ્યક્તિત્વનાં કેટલો બધાં પાસાંઓ અહીં ઉજાગર થાય છે કોઇ તેમને કન્યા કેળવણીના હિમાયતી કહે છે તો કોઇ સમાજ સેવાના ભેખધારી કોઇ યશસ્વી શિક્ષણપ્રેમી તરીકે જુએ છે તો કોઇ શીલભદ્ર એવા શિક્ષણ વિચારક ગુર્જર રત્ન તરીકે ઓળખાવે છે. સંસ્થાના એક શ્રદ્ધેય વડીલનું ભવ્ય રૂપ જોઇ બહુમુખી પ્રતિભાને સૌ કોઇએ ખોબલે ખોબળે વધાવ્યા છે.

માણેકલાલ ભાઇ એટલે સ્પષ્ટ વિચારધારા, મજબૂત મનોબળ અને સંસ્થાને આજીવન સમર્પિત વ્યક્તિત્વ. તેમની કારકિર્દીની શરૂઆત કડી નગરપાલિકાના 'ચીફ ઓફીસર' તરીકે થઇ હતી. તેઓ એક મોટા ગજાના ઉદ્યોગપતિ તરીકે કડીના કોટન ઉદ્યોગમાં સ્થાન મેળવ્યા પછી 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી અને ગાંધીનગરના મંત્રી અને ત્યારબાદ ચેરમેન પદે રહ્યા હતા.'

બાલમંદિરથી માંડીને પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક, આર્ટસ, કોમર્સ, સાયન્સની કોલેજો ઉપરાંત એન્જિનિયરિંગ, ફાર્મસી, પોલિટેક્નિકલ, કોમ્પ્યુટર, નર્સિંગ સુધીનાં વિવિધતા સભર અભ્યાસક્રમોમાં શિક્ષણ આપતી સંસ્થાને પોતાની આગવી યુનિવર્સિટી હોય તેમ વિચારીને માણેકલાલે સતત અને સઘન પ્રયત્નો કરી 'કડી સર્વ વિદ્યાલય' ને સ્વ નિર્ભર યુનિવર્સિટીનો દરજ્જો પ્રાપ્ત કરાવેલો તે તેમની નોંધનીય સિદ્ધિ ગણી સકાય. આજે તો 'કડી સર્વ વિદ્યાલય'માં ચાલતી તમામ કોલેજોએ યુ.જી.સી. દિલ્હીનું એક્રેડિટેશન પણ મેળવી લીધું છે. તેમાં માણેકલાલ પટેલની વહીવટી કુશળથા અને સુસંવાદી વ્યવહાર કુશળતાનું પરિણામ જોઇ શકાય છે. સવાયત શિક્ષણ સંસ્થાઓ વર્તમાન સમયમાં મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો દ્વારા તગડી કમાણી કરી રહી છે. ત્યારે માણેકલાલ પટેલના ઉદાર દૃષ્ટિ અને સમાજ પ્રત્યેની અદ્ભૂત અનુકંપાના પરિણામે આ સંસ્થાએ પોતાને મળતી તમામ મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો પોતાના થકી રાખી નથી. આવો નિર્ણય લઇને શિક્ષણ જગતમાં તેમણએ એક પ્રશંસનીય ઉદાહરણ પૂરૂ પાડ્યું હતું.

'કર્મચૂડામણિ માણેકલાલ' ગ્રંથના પ્રાગટ્ય ટાણે જે ભવ્ય સમારોહ યોજાયો હતો તેમાં ઉપસ્થિત રહેવાનું સૌભાગ્ય આ લખનારને પણ પ્રાપ્ત થયું હતું. તેને ધન્ય ઘડી સમજું છું. આ ગ્રંથમાંથી વિદ્યાર્થીઓ, શિક્ષકો, સમાજસેવીઓ, સાહિત્ય મર્મજ્ઞો અને કંઇક કરી છૂટવાની તમન્ના ધરાવતા સૌને પ્રેરણા પ્રાપ્ત થાય છે. આ ગ્રંથ માણેકલાલની પુણ્યતિથિએ આપણે વાંચીએ, વિચારીએ અને તેમનાં કાર્યોમાંથી પ્રેરણા મેળવીએ તેવું કામ સંપાદકોએ કર્યું છે જે ખરેખર અભિનંદનને પાત્ર છે.

*કર્મચૂડામણિ માણેકલાલ (શ્રી માણેકલાલ માધવલાલ પટેલ અભિનંદન ગ્રંથ)*
*સંપાદકો : મોહનલાલ પટેલ, હર્ષદભાઇ શાહ, ડો. સોમભાઇ પટેલ અને ડો. રમેશભાઇ વ્યાસ*
*પ્રકાશક : મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ (કડી)*
*સર્વ વિદ્યાલય કેમ્પલ, રેલ્વે સ્ટેશનની સામે કડી. જિ. મહેસાણા*
*મૂલ્ય રૂા. ૧૫૦.૦૦, પૃષ્ઠ - ૨૫૫*
*પ્રથમ આવૃત્તિ - ૨૦૧૦*


# સાડા ત્રણ હજારથી પણ વધુ માઇસનું અંતર ૧૫૦ જેટલાં દિવસોમાં કાપીને જાપાનથી અલાસ્કાની પડકારરૂપ સફરને અન્ય કોઇ સાથીની મદદ વિના ખેડનાર સારાહ પ્રથમ મહિલા છે

## હું રસ્તે રઝળતી વારતા

- અચના કમલેશ

'લાઇફ ઓફ પાઇ' માં વાઘ જેવા હિંસક પ્રાણી સાથે દરિયામાં ફસાયેલા એક બાળકની સાહસિક કથા આપમે સૌએ ઊંચા હૃદયે નિહાળી હતી, પણ જો કોઇ વાસ્તવિક જીવનમાં પણ દરિયાના અનિશ્ચિત વાતાવરણમાં સાહસ ખેડવાનું પસંદકરે તો? દિવસ રાત ચારે બાજુ પાણીથી ઘેરાયેલા ઘૂઘવતા વિશાળ દરિયાની સફર ખેડવાનું સાહસ કરે તો આશ્ચર્યની વાત તો એ છે કે એક મહિલાએ આ પ્રકારનું સાહસ ખેડવાનું બીડું ઝડપ્યું છે.

માત્ર ૨૮ વર્ષીય સારાહ બ્રિટનની રહેવાસી છે અને તે આખી દુનિયામાં રોઇંગ, સાઇકલીંગ તથા ક્યાકિંગથી સાહસભર્યા સફર કરે છે અને તેથી જ તેણે ૧ એપ્રિલ, ૨૦૧૧ ના રોજ 'લંડન ટુ લંડન વાયા ધ વર્લ્ડ' નામની તેની અનોખી સફરની શરૂઆત કરી હતી. આ મિશન અંતર્ગત ગત સપ્ટેમ્બર માસમાં જ તેણે સાડા ત્રણ હજારથી પણ વધુ માઇસનું અંતર ૧૫૦ જેટલાં દિવસોમાં કાપીને જાપાનથી અલાસ્કાથી પડકારૂપ સફરને અન્ય કોઇ સાથીની મદદ વિના ખેડનાર સારાહ પ્રથમ મહિલા છે. આટલા લાંબા સમયગાળાની સફર ખેડ્યા બાદ સારાહે અલાસ્કાના અલ્યુશન ટાપુનાં એક નાના શહેરમાં તેનાં 'લંડન ટુ લંડન વાયા ધ વર્લ્ડ' નો બીજો પડાવ પૂર્ણ કર્યો હતો. આ વિશે તેણે ઉત્સાહપૂર્વક જણાવ્યું હતું કે, 'પેસિફિક સમુદ્રમાં આ મહિનાઓ દરમિયાન મારી જિંદગીમાં સૌથી યાદગાર અને આવેશભર્યા દિવસો ગાળ્યા છે. આ દિવસો અનુભવોથી ભરેલા હતા અને એ સાથે જ ઘણા ઘાતકી પણ હતા. અલબત્ત, આ આખી સફર મારા માટે ઘણી મહત્ત્વની હતી.'




સારાહે તેનો શાળાકીય અભ્યાસ લિંકન શાયરની સ્ટેમફોર્ડ હાઇસ્કૂલમાં કર્યો હતો. ત્યારબાદ વર્ષ ૨૦૦૪ માં સાહસિક સફરની શરૂઆત કરવાની સાથે જ તેણે ઓક્સફોર્ડની સેન્ટ હ્યુઝ કોલેજમાં જીવવિજ્ઞાનનો અભ્યાસ શરૂ કર્યો. સારાહની 'લંડન ટુ લંડન વાયા ધ વર્લ્ડ' ની સફર પહેલા પણ તેણે વર્ષ ૨૦૦૯માં હિંદ મહાસાગરમાં સફર ખેડીને ઓસ્ટ્રેલિયાથી મોરેશિયમ સુધીનું ખેડાણ કર્યું હતું.

આટલી નાની વયે આવા સાહસિક સફરની શરૂઆત કરનાર તે પ્રથમ મહિલા છે. વાસ્તવમાં 'લંડન ટુ લંડન વાયા ધ વર્લ્ડ' સારાહનું એકમ મહત્ત્વપૂર્ણ મિશન છે. જેની શરૂઆત વર્ષ ૨૦૧૧ થી થઇ હતી. રો, સાઇકલ તથા ક્યાકની મદદથી લંડનથી શરૂ કરીને નક્કી કરેલા તમામ માર્ગે આખી દુનિયાની સફર નક્કી કરી ફરી પાછા લંડન આવવાનું તેને ધયેય છે. તેના સફર દરમિયાન તેણે યુરોપ અને એશિયાના દેશોમાં સાઇકલની મદદથીય ઘણું અંતર કાપ્યું હતું.

જાપાનથી અલાસ્કાની સફર દરમિયાન સારાહે સ્વાભાવિક રીતે જ ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. 'ગુલિવર' નામની બોટમાં સારાહે આ સફરની શરૂઆત ગત વર્ષનાં ડિસેમ્બર મહિનામાં કરી હતી. પરંતુ તેની બોટ ૮૦ માઇલની ઝડપે ફુંકાતા પવનમાં તથા ૧૫ મીટર ઊંચા મોજાઓમાં ભયંકર રીતે નુકશાન પામી હતી. પ્રથમ પ્રયાસમાં નિષ્ફળતા મળતા તેણે હિંમત હાર્યા વિના ફરી પાછી સફરની શરૂઆત કરી. આ સફર તેણે જાપાનથી 'હેપી સોક્સ' નામની ક્યાકમાં એપ્રિલ માસમાં શરૂ કરી હતી અને આ ક્યામાં એપ્રિલ માસના શરૂ કરી હતી. અને આ વખતે પણ દરિયાના અણધાર્યા તોફાનમાં તેની ક્યાકે લગભગ પાંચ વખત ઉથલી ખાધી હતી. આ ઉપરાંત આટલા બધા દિવસો સુધી એકલા રહેવાથી ઉદ્ભવતા તણાવ સામે લડવા માટે માનસિક રીતે પણ તેણે ઘણી મુશ્કેલીઓ વેઠી હતી. વળી તેના રડારમાં ટેકનિકલ સમસ્યા આવતા તથા ઠંડી અને તેને લીધે આંખ સમક્ષ વધતા જતાં અંધારાની સામે લડતા એકવાર તે કાર્ગો શિપ સાથે પણ અથડાતા માંડ બચી હતી. વળી, અલાસ્કાના અડાક શહેરમાં પહોંચવાની અત્યંત મુશ્કેલ સફરમાં તેણે ભયંકર ધુમ્મસ તથા થાકને લીધે ઉદ્ભવતી ભ્રમણાઓથી ઘણી તકલીફોની સામનો કર્યો હતો. અલબત્ત, સારાહનું માનવું છે કે અલ્બાટ્રોસ, વ્હેલ તથા શાર્ક જેવા દરિયાઇ પ્રાણીઓને આટલી નિકટતાથી માણવાના અનુભવની સામે તેની તમામ અડચણો ખૂબ નાની હતી.

વાસ્તવમાં સારાહે જાપાનથી કેનેડાની સફર નક્કી કરી હતી. પરંતુ વાતાવરણની વિકટ પરિસ્થિતિને કારણે તેને અલાસ્કામાં તેની સફરનો અંત લાવવો પડ્યો હતો. અલાસ્કા પહોંચ્યા બાદ તેના મિશનને પૂર્ણ કરવા તે હવે અલાસ્કાના મુખ્ય ટાપુની સફરે ઉપડશે. અને ત્યાંથી કેનેડા અને ઉત્તર અમેરિકામાં સાયકલ જર્નીની શરૂઆત કરશે. ત્યારબાદ તે ફરીથી એટ્લાન્ટીક સમુદ્રથી બ્રિટન સુધીનો તેનો અંતિમ પ્રવાસ ખેડશે.

સારાહે વર્ષ ૨૦૧૧માં તેનાં હિંદ મહાસાગરના સફળતાપૂર્વકના ખેડાણને વર્ણવતું એક પુસ્તક 'અ ડીપ ઇન ધ ઓશન : રોઇંગ સોલો અક્રોસ ધ ઇન્ડિયન ઓશન' પણ લખ્યુ હતું, જેની આખા વિશ્વમાં આશરે ૪૦૦૦ જેટલી કોપી વેચાઇ ગઇ. આ ઉપરાંત, હિંદ મહાસાગરનું સફળતાપૂર્વક ખેડાણ કરવા બદલ તેના સમક્ષ રોયલ જયોગ્રાફિકલ સોસાયટી તરફથી ફેલોશિપ માટે પણ પ્રસ્તાવ મૂકાયો હતો. આ ઉપરાંત આ પ્રકારના સાહસ ખેડવા બદલ સારાહને બ્રિટનના સૌથી માનવતા બિરૂતા પૈકીના એકમ 'મેમ્બર ઓફ ધ ઓર્ડર' ઓફ ધ બ્રિટિશ એમ્પાયરથી સન્માનિત કરાઇ.

# જૈનોના લઘુમતીના દરજ્જાને નકારતી સુપ્રીમ કોર્ટ

## (બંધારણની કલમ ૨૫ થી ૩૦ ની જોગવાઇ)

## વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી

જૈનોને લઘુમતીનો દરજ્જો આપવો જોઇએ કે નહિ? આ સવાલનો જવાબ સુપ્રીમ કોર્ટમાં ત્રણ જજોની બેન્ચે ઓગસ્ટ ૨૦૦૫ માં આપેલ છે તેમ છતાં તાજેતરમાં આ ઇશ્યુ ફરી પ્રકાશમાં આવતા લઘુમતી અંગેના કેટલાક સવાલો ઉત્પન્ન થયા.

અંગ્રેજોએ હિન્દુ મહાજનોને ખતમ કરવા અત્યંત ચાલાકીથી ભાગલા પાડો રાજકરોની નીતિ અપનાવી હતી. પોતાના અંગત સ્વાર્થથી વખતોવખત લાભ મેળવી દલીતોને અનામતના નામે, મુસ્લિમોને લઘુમતીના નામે, ખ્રિસ્તીઓને તથા શીખોને, બૌદ્ધોને અલગ અલગ દરજ્જો આપીને હિન્દુ મહાજનોને અલગ વિભાગમાં વહેંચી નાખવાનું સરકારનું ષડયંત્ર છે. જેને સુપ્રીમ કોર્ટ પહેલેથી જ નકારે છે.

કોઇ પણ સમાજને લઘુમતીની વ્યાખ્યામાં મુકવા માટે તેની સંખ્યાને જ માપદંડ માનવો જોઇએ નહીં સમાજના બહુમતી લોકો સમૃદ્ધ ઉદ્યોગપતિઓ, વેપારીઓ, પ્રોફેશનલો અને ધનવાનોનો બનેલો છે.

તો તેમને લઘુમતીના કાયદા મુજબ સંરક્ષણ આપવાની જરૂર નથી. ભારતના બંધારણની કલમ ૨૫ થી ૩૦ માં જોગવાઇ કરવામાં આવી છે તે ધાર્મિક અથવા ભાષાકીય લઘુમતીઓનાં મૂળભૂત અધિકારો અને ધાર્મિક સ્વતંત્રતા ઉપરનાં સંભવિત અતિક્રમણ સામેનું સુરક્ષા છત્ર સમાન છે.

ભારતનાં ઘડવામાં આવ્યું ત્યારે જૈનોને અને શીખોને લઘુમતીમાં ગણવામાં આવ્યા ન હોતા બંને કોમને પરાપૂર્વકથી વ્યાપક હિન્દુ કોમનો અભિન્ન અંગ જ ગણવામાં આવ્યા હતા. તેમણે સંરક્ષણ માત્ર દેશની એકતા ટકાવવા માટે હતી તેમાં ધાર્મિક લઘુમતીની કોઇ  જ યાદનો સમાવેશ કરવામાં આવ્યો ન હતો.

ભારતનું બંધારણ તમામના ધાર્મિક, સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકારોના રક્ષણ માટે કટીબદ્ધ છે જ. લોકશાહી સમાજનો પાયો જ સમાનતાનો સિદ્ધાંત હોય છે તેનો આદર્શ બહુમતી અને લઘુમતી તેમ કહેવાતા પછાત અને પ્રગતિશીલ વર્ગોની નાબુદીનો હોવો જોઇએ.

લઘુમતી માટે પંચ નિમવામાં આવ્યું છે તેની પ્રવૃત્તિ તબક્કાવાર રીતે બહુમતી અને લઘુમતીના ભેદભાવ મીટાવવાની હોવી જોઇએ જેથી દેશની એકતા અને અખંડીતતા જળવાઇ રહે જો એક સમુદાયની લઘુમતીના દરજ્જાની માંગણી સ્વીકારી લેવામાં આવશે તો બીજો સમુદાય પણ તેને અનુસરશે જેથી ભારત જેવા બહુરંગી દેશમાં આ પ્રકારની માંગણીનો અંત જ નહીં આવે અને રાજકારણીઓ તેનો વોટબેંક તરીકે ઉપયોગ કરવાની તક ક્યારેક જતી નહીં કરે.

હિન્દુ સમાજ જ્ઞાતિ આધારીત હોવાથી અનેક લઘુમતી જૂથોમાં વહેંચાયેલાં છે દરેક જ્ઞાતિ બીજી જ્ઞાતિથી અલગ હોવાનો દાવો કરે છે. ઘણી જ્ઞાતિ ઓછી સંખ્યાને કારણે લઘુમતીના દરજ્જાની માંગણી કરેછે. સુવિધાઓ માંગે છે અને સંરક્ષણની અપેક્ષા રાખે છે. જો દરેક લઘુમતી જૂથ બહુમતી જૂથથી ભયભીત હોય તો દેશમાં ભય અને અશ્વિવાસનું વાતાવરણ પેદા થાય જે દેશની એકતા માટે ખતરારૂપ પુરવાર થાય છે.

લઘુમતી પંચે વિવિધ જ્ઞાતિઓનો લઘુમતીની યાદીમાં ઉમેરો કરવાની જગ્યાએ સમાજમાં એવું વાતાવરણ ઘડવું જોઇએ કે લઘુમતીઓની સંખ્યામાં જ ઘટાડો થાય દરેક પેટા હિન્દુ જ્ઞાની માત્ર હિન્દુ કહેવા કટીબદ્ધ થાય.

સુપ્રીમ કોર્ટના ચુકાદાથી સ્પષ્ટ થાય છે કે લઘુમતીનો દરજ્જો અસલામતી અનુભવતા સમાજના નબળા વર્ગ માટે છે. જે સરકારી સહાય સિવાય પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે સમર્થ નથી. જૈનો નબળાપણ નથી અને નમાલ પણ નથી કે જેથી સરકારે જૈનોને લઘુમતીની વ્યાખ્યામાં મુકવા પડે જૈનો શ્રેષ્ટીઓ ઉદ્યોગપતિઓ અને સ્વપ્રયત્નોથી આગળ આવેલ કોમ છે. ગુજરાતમાં કચ્છમાં જૈનો મહાનજ તરીકે ઓળખાય છે શું આ મહાજનો પોતાને લઘુજન તરીકે ઓળખવાનું પસંદ કરશે.

જૈનોનો મત લેવામાં આવે તો બહુમતી જૈનો લઘુમતીનો લાભ લેવાના હક્કમાં નથી જૈન ધર્મ શ્રમણપ્રધાન છે આજે ૯૯ ટકા જૈન આચાર્ય ભગવંતો લઘુમતીના દરજ્જાની વિરોધમાં છે માત્ર દિલ્હીના જ કેટલાક જૈન સંઘો લઘુમતીનો દરજ્જો રાજકીય લાભ ખાટવાના હેતુથી તથા આરક્ષણના લાભો મેળવવાના હેતુથી માંગી રહ્યા છે જેનો જૈન સંઘોએ વિરોધ કરેલ છે.

રાજકારણીઓના ટૂંકા ગાળાના સ્વાર્થ માટે વોટ બેંક માટે હિન્દુઓ અને જૈનોને અલગ પાડી તેમના વચ્ચે તરાડ પડતી અટકાવવાની ફરજ સમગ્ર હિન્દુઓની તથા જૈન સમુદાયની છે તો જ ભારતની એકતા અને અખંડતા શક્ય છે અને અખંડ ભારતના શિલ્પી સરદાર સાહેબના સ્વજનો હકિકતમાં કહેવાશે.